# ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયાનો નફો ૨૩ ટકા વધીને ₹ ૯૫ કરોડ થયો

સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઈડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા લિ. (ટીસીઆઈ)નો ડિસેમ્બર ૨૦૨૨માં પૂરા થયેલા ત્રીજા ત્રિમાસિકનો સ્ટેન્ડએલોન ચોખ્ખો નફો ૨૩ ટકા વધીને રૂા. ૯૫ (રૂા. ૭૮) કરોડનો થયો છે. કુલ આવક વાર્ષિક ધોરણે ૧૬ ટકા વધીને રૂા. ૮૮૧ કરોડ થઈ હતી.

ટીસીઆઈના મૅનેજિંગ ડિરેક્ટર વિનીત અગ્રવાલે કહ્યું કે, ત્રીજા ક્વાર્ટરમાં સ્થિર બૃહદ સ્થિતી વચ્ચે કંપનીએ સાતત્યપૂર્ણ પ્રદર્શન કર્યું છે. અમારા તમામ બિઝનેસ સેગમેન્ટ્સે અપેક્ષા પ્રમાણે પરિણામો આપ્યા છે. અગ્રવાલે કહ્યું કે, કંપની ફુગાવા અને ધિરાણ નીતિને કડક બનાવવાની આસપાસના ઉદ્યોગવ્યાપી પડકારો પર સંતુલિત દૃષ્ટિકોણ રાખે છે. એક સંકલિત મલ્ટિ-મોડલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ ઓર્ગેનાઈઝેશન બનાવવાના અમારા લક્ષ્યોને હાંસલ કરવાનો કંપનીને વિશ્વાસ છે. કંપનીના બોર્ડે ૧૨૫ ટકાના ડિવિડંડની જાહેરાત કરી છે.